અપીલ અરજી નં.૪૨૦ તા.૨૬–૩–૦૯

અરજદારઃ– શ્રી ગણપતભાઈ વિઠ્ઠલભાઈ લાડ

સામાવાળાઃ– ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગણપતભાઈ વિઠ્ઠલભાઈ લાડની તા.૯–૨–૦૯ ની અરજીથી ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮ બાબતે શ.વિ.ખાતા ના પત્ર નં.ટીડીઓ ૪૩૯૫ તા.૨૯–૧–૦૯ થી જે હેવાલ નોર્થઝોનમાં આવેલ છે. તેનો સંપુર્ણ હેવાલની નકલ મુદ્દા નં.૧ થીર ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૦ /૨૦૦૮–૦૯

શ્રી ગણપતભાઈ વિઠ્ઠલભાઈ લાડની તા.૯–૨–૦૯ ની અરજીથી ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮ બાબતે શ.વિ.ખાતા ના પત્ર નં.ટીડીઓ ૪૩૯૫ તા.૨૯–૧–૦૯ થી જે હેવાલ નોર્થઝોનમાં આવેલ છે. તેનો સંપુર્ણ હેવાલની નકલ મુદ્દા નં.૧ થીર ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૮૬૧૭ તા.૩–૩–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮ તા.૬–૪–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈપૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૯–૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.૨૭ (ઉત્રાણ–કોસાડ) ના ફા.પ્લોટ નં.૮૮ બાબતે શ.વિ.ખાતું મુગલીસરા ના પત્ર નં.ટીડીઓ ૪૩૯૫ તા.૨૯–૧–૦૯ થી જે હેવાલ નોર્થઝોનમાં આવેલ છે તેનો અતિ થી ઈતિ સુધીનો સંપૂર્ણ હેવાલની નકલ મુદ્દા નં.૨ સદર ટીપીમાં નગર રચના અધિકારીશ્રીની નિમણુંક તા.૫–૩–૦૮ ના રોજ થઈ ગઈ હતી અને એફપી ૮૮ માં અમારી નોર્થઝોનમાં વાંધા અરજીઓ કરી હતી તો રજાચિઠ્ઠી આપતાં પહેલાં નગર રચના અધિકારીની મંજુરી લીધી છે કે કેમ? અને વહીવટી પરવાનગી લીધી હોય તો કયા અધિકારીની? નહીં લીધી હોય તો શું કાર્યવાહી કરવામાં આવી વિગેરેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નોર્થઝોન/આ.નં.૮૬૧૭ તા.૩–૩–૦૯ થી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. જેમાં રૂ.૧૦/– ભરી તા.૨૯–૧–૦૯ ના ટીડીઓ/૪૩૯૫ થી આવેલ અતિ થી ઈતિ સુધીના સંપૂર્ણ હેવાલની નકલ મેળવવા જણાવેલ છે. પરંતુ અરજદારે દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ તે અંગે અત્રે જણાવેલ નથી. જયારે ટીપી સ્કીમ અંગે નોર્થઝોન ધ્વારા તા.૩૦–૬–૦૭ ના રોજ અભિપ્રાય મેળવવામાં આવેલ છે. તથા બાંધકામ બાબતે ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ ની કલમ–૨૯(૧) (i), ૨૯ (૧) (ii) ,૨૯ (૧) (iii) ૩૪, ૪૯ (૧) (બી) અને બીપીએમસી એકટની કલમ ૨૫૩ અને ૨૫૪ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ હોવાની માહિતી આપેલ છે. અરજદારે અપીલ તબકકે નગર રચના ધિકારીની નિમણુંક થઈ હોય તો પ્લાન પાસ કરતી વખતે તેઓનો અભિપ્રાય લેવામાં આવ્યો છે કે કેમ તેની માહિતી માંગેલ છે કારણકે આ અંગે તેઓએ અગાઉ ઘણી વાંધા અરજી કરેલ હતી. સદર બાબતે તા.૮–૫–૦૯ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી અંગે નં.આરટીઆઈ સેલ/૧૦૫ તા.૪–૫–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પક્ષકારો તરફે સુનાવણી દરમ્યાન અરજદાર શ્રી ગણપતભાઈ વિઠ્ઠલભાઈ લાડે ઉપસ્થિત રહી ટીપીઓ નિમાયેલ છે કે નહીં તેની સાચી વિગત જાણવા રજૂઆત કરેલ છે. તથા તા.૨૬–૧૧–૦૮ અને ૩–૩–૦૯ ના પત્રો વિરોધાભાસી છે તેમજ ટીપીઓની મંજુરી લીધી ના હોય તો પ્લાન રદ થાય છે કે કેમ? તેની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી શહેર વિકાસ વિભાગ કતારગામ તરફથી જુની. ઈજનેર ઉપસ્થિત રહી જણાવેલ કે ટીપીઓની મંજુરી લીધી નથી અને તા.૨૬–૧૧–૦૮ નો પત્ર સાચો છે એવી રજૂઆત કરેલ.વધુમાં સાંજે ૫.૩૦ કલાકે નોર્થઝોનના ડે.ઈજનેરએ ઉપસ્થિત રહી જાહેર માહિતી અધિકારી તરફે જણાવેલ છે કે અરજદારને માહિતી નહીં મળેલ ઉપરોકત બે મુદ્દા તથા પ્લાન રદ થવા પાત્ર થાય કે કેમ? તે ત્રણેયની સંકલિત માહિતી દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવામાં આવશે. આરટીઆઈ એકટ હેઠળની અર્ધન્યાયિક પ્રક્રિયા હેઠળ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી તરફે કચેરી વડા કે ખાતાધિકારી કાર્યપાલક ઈજનેર સુનાવણીના તબકકે સૂચિત કરવા છતાં હાજર રહેલ નથી જે કાયદાના હાર્દ અને જોગવાઈ સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૯–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારને નહીં પૂરી પડાયેલ ત્રણ મુદ્દા ટીપીઓ નિમાયેલ છે કે કેમ? પ્લાન પાસ કરતાં પૂર્વે તેમનો અભિપ્રાય લીધેલ છે કે કેમ? તથા જો અભિપ્રાય લીધેલ ન હોય તો પ્લાન રદ કરવાપાત્ર થાય છે કે કેમ? તે અંગેની હકીકતલક્ષી માહિતી કાયદા અને નિયમની જોગવાઈને સુસંગત રીતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(નોર્થ ઝોન) ,.......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી ગણપતભાઈ વિઠ્ઠલભાઈ લાડ,